ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં સાયબર ક્રાઈમમાં વધારો

ભણેલા ગણેલા અને ઓનલાઈન ફ્રોડથી અવેર હોવા છતાં નગરજનો બની રહ્યા છે સાયબર ક્રાઈમનો શિકાર : કોરોના લૉકડાઉન બાદ ઓનલાઈન ફ્રોડમાં થતો વધારો

ગાંધીનગર, તા.૧૩

ઈન્ટનેટનો યોગ્ય ઉપયોગ અને મોબાઈલ એપ્લીકેશન્સનો ઉપયોગ કરવાની પધ્ધતિ વિશે ઘણા ટેકનો એકસ્પર્ટ દ્વારા સમાચાર પત્રો કે વિવિધ એપ્લીકેશન દ્વારા શેર થતા વિડીયોના માધ્યમથી વિવિધ સ્ટેપનું માર્ગદર્શન આપવામાં આવે છે. હાલ સંપૂર્ણ દેશ ઓનલાઈન મની અને ઓનલાઈન બેંક ટ્રાન્ઝેકશન કરતું થઈ ગયો છે અને કોરોના બાદ આ ટ્રાન્જેકશનમાં વધારો થયો છે ત્યારે ઓનલાન પેમેન્ટ કરતી એપ્લીકેશનના માધ્યમથી બેંકમાંથી પૈસા ઉપડી જવાના કિસ્સા વધી રહ્યા છે. ઉપરાંત મો બેંક સાથે લીંક કરેલ મોબાઈલ નંબર ટ્રેક કરી તેમાંથી પૈસા પણ ઉપડી રહ્યા છે.

નગરજનો હાલના દિવસોમાં ઓનલાઈન ફ્રોડ/સાયબર ક્રાઈમનો શિકાર બની રહ્યા છે. આ વાત વિશે હાલ સોશિયલ મીડિયા પર અવેરનેસ પણ ચાલી રહી છે તથા આ બાબતે ગુજરાત પોલીસ પણ ઓનલાઈન ફ્રોડનો શિકાર બનેલા પોતાનો અનુભવ શેર કરીને બીજા આમાંથી બચી શકે તેવો પ્રયત્ન કરી રહ્યા છે. એવું નથી કે અભણ હોય તેજ ઓનલાઈન ફ્રોડનો શિકાર બને છે ભણેલા ગણેલા પણ બહુ સરળતાથી આ બાબતોનો શિકાર બની ચુકયાના દાખલા છે. હાલ સૌથી વધુ વપરાતી ઓનલાઈન ટ્રાન્ઝેકશનનું માધ્યમ એવી પે-ટી એમ એપ્લીકેશન જેમાં તમારા એકાઉન્ટમાં ૫ કે ૧૦ હજાર રૂપિયા જમા થયાનો અજાણ્યા નંબર પરથી ફોન આવે છે બાદ તે આઈકન પર કિલક કરવાથી પૈસા જમા થવાને બદલે ઉપડી જાય છે. ત્યારબાદ ફરી ફોન આવે છે અને સામેવાળા દિલાસો આપે છે કે ભૂલથી થઈ ગયા છે. એક કામ કરો ફરીથી આઈકન પર કિલક કરો અને એવું કરવાથી ફરીથી પૈસા ડેબિટ થઈ જાય છે. અહીં ચિંતામાં આવી જવાથી સામે ફોન કરવામાં આવે તો કોઈ એપ્લીકેશન ડાઉનલોડ કરી વધુ પ્રોસેસ કરવા જણાવાય છે. ફકત ૫ થી ૧૦ મિનિટમાં કાર્ય થઈ જાય છે અને જેની સાથે છેતરપીંડી થઈ છે તે વિચારતું રહી જાય છે.

આ ઉપરાંત નગરના પોલીસ કર્મચારીના જણાવ્યા અનુસાર કુતરું કે કોઈ પ્રાણી/પક્ષી બિમાર હોય અને તેની મદદ માટે જો જસ્ટ ડાયલ કે કોઈ જાણીતી સર્ચ એપ્લીકેશન

પરથી હેલ્પલાઈન નંબર શોધીને ફોન કરવામાં આવે તો સાયબર ક્રાઈમ કરનારના નંબર ઓટોમેટીકલી પ્રથમ પાંચ નંબરમાંથી જ હોય છે અને તેને ફોન કરતા તમારું લોકેશન લઈ તમારા પાસે ૩૦ રૂપિયા કે ૧૦૦ રૂપિયાનું ઓનલાઈન ફંડ માંગે છે અને કહે છે કે નજીકના વિસ્તારની કોઈ સંસ્થાના ડોકટર ફંડ ટ્રાન્સફર કર્યા બાદ સ્થળ પર આવી જશે અને જેવા ૨૦ રૂપિયા ફંડ કરવામાં આવે સામે વીસ હજાર અને ૧૦૦ રૂપિયા સામે દસ હજારથી લાખ રૂપિયા બેંકમાંથી આ રીતે ઉપડી જવાના કિસ્સા બહાર આવ્યા છે. જયાં કયુઆર કોડ સ્કેન કરી મોબાઈલ ટ્રાન્સફર કરાવડાવી આ ફ્રોડ થઈ રહ્યું છે. આ ક્રાઈમ વરચ્યુઅલ દેખાતો નથી. અમુકવાર રજી કે ૩જી સીમકાર્ડને ૪જીમાં ટ્રાન્સફર કરાવવા માટે તો ફ્રોડ કોલ આવે છે. નાગરિકને એસએમએસ દ્વારા અજાણ્યા નંબર ઉપરથી સીમ નંબર અને કોડ મોકલવામાં આવે છે જે સર્વિસ પ્રોવાઈડર કંપનીને મોકલવાનું જણાવાય છે. જેનાથી ડાયરેકટ પૈસા બેકમાંથી ઉપડી જવાની સંભાવના છે. પાછલા અઠવાડિયામાં જ નગરના એક યુવાનના પૈસા આ રીતે જ ઉપડી જવાનો કિસ્સો બહાર આવ્યો છે.

આ દરેક ફ્રોડ કે સાયબર ક્રાઈમમાં ભણેલા ગણેલા પણ ફસાઈ જાય છે. બેંક તરફથી સતર્ક રહેવાના મેસેજ આવતા રહે છે. પોલીસ તરફથી પણ જાણ કરાતી હોવા છતાં કેમ ઓનલાઈન ફ્રોડ/સાયબર ક્રાઈમનો શિકાર કોઈ બની શકે તે સમજાતું નથી.

આ બાબતે સતર્કતા કેળવવા અને વધુ જાણકારી મેળવવા માટે ગુજરાત પોલીસ દ્વારા પોલીસ હેલ્પ લાઈન નં. ૧૦૦ ઉપર ફોન કરીને પણ માહિતી મેળવી શકાય છે.

હાલ થતા સાયબર ક્રાઈમ/ઓનલાઈન ફ્રોડથી બચવા ગુજરાત પોલીસ દ્વારા અપાયેલી માહિતી મુજબ :

● સીમકાર્ડ એકસચેન્જ ફ્રોડથી બચવા માટે સીમકાર્ડ ૨ જીમાંથી ૪ જીમાં કન્વર્ટ કરાવવું પડશે નહિતર બંધ થઈ જશે તેવો ફોન આવે તો તે ફ્રોડ હોઈ શકે.

● અજાણ્યા નંબર પરથી એસએમએસ દ્વારા કોઈ સીમકાર્ડ નંબર તથા કાર્ડ મોકલવામાં આવે તો તે સર્વિસ પ્રોવાઈડર કંપનીને ફોરવર્ડ કરવો નહિ.

● બેંક સાથે લીંક કરેલ મોબાઈલ નંબર કોઈ કારણ વગર અચાનક બંધ થઈ જાય તો તુરંત સર્વીસ પ્રોવાઈડર કંપની કે સંબંધીત બેંકનો સંપર્ક કરી ખાતુ બ્લોક કરાવવા કાર્યવાહી કરવી.

● સીમકાર્ડ રજીમાંથી ૪જીમાં અપગ્રેડ કરવા માટે તમારી નજીકમાં રહેલ સર્વિસ પ્રોવાઈડર કંપનીના સ્ટોર ઉપર જઈ અપગ્રેડ કરાવવાનો આગ્રહ રાખવો.

ગાંધીનગર શહેરી વિસ્તાર માટે અનામત કક્ષાના વિધાર્થીઓની ધોરણ - ૧૧ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ કાર્યવાહી ૧૭મી જૂન થી શરૂ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરી વિસ્તારમાં અનામત કક્ષાના વિધાર્થીઓને ધોરણ- ૧૧ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવવા માટેના ફોર્મનું વિતરણ તા. ૧૭ અને ૧૮ મી જૂન દરમ્યાન કરવામાં આવશે, તેવું જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરત વાઢેરે જણાવ્યું છે.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરત વાઢેરે વધુમાં જણાવ્યું છે કે, અનામત કક્ષાના વિધાર્થીઓને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટેના ફોર્મ તા. ૧૭ અને ૧૮ મી જૂન, ૨૦૨૦ ના રોજ સવારના ૧૦.૩૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન સ્વામી વિવેકાનંદ વિધાવિહાર, સેકટર- ૧૨, ગાંધીનગર ખાતેથી મળશે. ભરેલા ફોર્મ પણ આ બન્ને તારીખ દરમ્યાન આ જ સ્થળ અને સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, તા. ૨૦મી જૂન, ૨૦૨૦ ના રોજ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે. આ યાદી સવારના ૧૦.૩૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન સ્વામી વિવેકાનંદ વિધાવિહાર, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે જોઇ શકાશે. તેમજ તા. ૨૨મી જૂન, ૨૦૨૦ ના રોજ સવારના ૧૦.૩૦ કલાક થી ૧૧.૩૦ કલાક દરમ્યાન ઓ.બી.સી., સવારના ૧૧.૩૦ કલાક થી ૧૨.૩૦ કલાક દરમ્યાન ઈ.ડબલ્યુ.એસ., બપોરના ૧૨.૩૦ થી ૧.૩૦ કલાક દરમ્યાન એસ.સી., અને બપોરના ૨.૦૦ થી ૩.૦૦ કલાક દરમ્યાન એસ.ટી. કેટેગરીના ઉમેદવારોની પ્રવેશ પ્રક્રિયા આ સ્થળ ખાતેથી હાથ ધરવામાં આવશે.

કોરોના મહામારીમાં સીઆરપીએફનું જિલ્લાના ગ્રામીણ વિસ્તારો માટે સેવાકાર્ય

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ખાતેના કેન્દ્રિય રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા જિલ્લાના ધરમપુર ગામને જનકલ્યાણ સંબંધિત સેવાઓ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોરોના મહામારીમાં સીઆરપીએફ દ્વારા આ પ્રસંગે ગ્રામજનોમાં રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય સીઆરપીએફના ૧૩૫ મહિલા બટાલિયન દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

કોરોના મહામારીના પગલે સીઆરપીએફ દ્વારા અમદાવાદ શહેરના કરફયુગ્રસ્ત વિસ્તારોમાં પ્રસંશનીય સેવાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત સીઆરપીએફના ગાંધીનગર ખાતેના ૧૩૫ મહિલા બટાલિયન યુનિટ દ્વારા જિલ્લાના ધરમપુર ગામના જરૂરિયાતમંદ વર્ગના ગ્રામજનોને મદદરૂપ થવાના હેતુસર જનકલ્યાણ વિષયક સેવાઓ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને તે અંતર્ગત ગ્રામજનોને જીવન જરુરી ચીજવસ્તુઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ બીપીએલ પરિવારોને સામગ્રી વિતરણ કરાઈ હતી તેમજ ચિલોડાના ઈન્દિરા આવાસ ખાતે ૨૫૦થી વધુ પરિવારોને સાબુ, સેનેટાઈઝર, માસ્ક તેમજ સફાઈના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે આલમપુર તથા લેકાવાડા ગામમાં પણ જીવનજરુરી સામગ્રીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સીઆરપીએફની ૧૩૫ મહિલા બટાલિયનના કમાન્ડેન્ટ મમતાસિંહે ગ્રામજનોને કોરોનાથી બચવા અંગેના ઉપાયોથી માહિતગાર કર્યા હતા.

અનલોક-૧માં ધીમે ધીમે ગાંધીનગર શહેરમાં ધંધા રોજગાર શરૂ થયા છે. હજુ જો કે ઘરાકી એટલી નથી પરંતુ ધીમે ધીમે દુકાનોમાં ગ્રાહકો આવતા થયા છે. દુકાનોમાં ગ્રાહકોની અવરજવર શરૂ થઈ છે. કોરોના વાઈરસના ખતરાને પગલે દુકાનોની બહાર સેનેટાઈઝર અને ટેમ્પરેચર ગનની વ્યવસ્થા કરવામાં આવી છે તેનો ઉપયોગ ફરજિયાત બનાવાયો છે.

પેન્શનર્સની વાર્ષિક આવકની નકલ હાર્ડ કોપીમાં જ મળે તેવી માંગ

પેન્શનરો માટે ઓનલાઈન સર્ફિંગ કરી કોપી મેળવવી અઘરી : ગાંધીનગર શહેર વસાહત મહામંડળ

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત અને ખાસ કરી ગાંધીનગરના પેન્શનર્સની વાર્ષિક આવકની પ્રમાણિક નકલ જિલ્લા તિજોરી કચેરીમાંથી મળશે નહિ અને જરૂર પડે તો ઓનલાઈન મેળવવી તેમ સરકાર દ્વારા જણાવાયું છે ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ આ નિર્ણય વિશે પોતાનો મત આપતા જણાવે છે કે, અખબારી અહેવાલો અને સત્ય હકીકતના આધારે ૫ ટકા લોકો જ ઓનલાઈન ટ્રાન્જેકશનનો ઉપયોગ કરે છે અને ખાસ કરીને નિવૃત્ત લોકો ઈન્ટરનેટનો વધુ ઉપયોગ કે ઓનલાઈન ટ્રાન્જેકશન કરતા જ ન હોવાથી તથા અસંખ્ય ગાંધીનગરના જ પેન્શનરો ગ્રામ્ય વિસ્તારમાં જ રહેતા હોવાથી ઓનલાઈન ટ્રાન્જેકશન કરી જરુરી દાખલી મેળવી લેવા સૂચવવું તે નકારાત્મક અને ઈન્કમટેક્ષ ભરવાથી પેન્શનર્સને દૂર રાખવા જેવું થશે.

ટપાલ સેવા તથા કુરીયર સેવા શરૂ થઈ ગઈ છે ત્યારે તેને પોસ્ટ કરી દેવી જોઈએ તથા અગત્યની આર્થિક જવાબદારી વાળી બાબતો લેખિત સ્વરૂપમાં અને હાર્ડકોપીમાં જ પેન્શનર્સને મળે તથા ઈન્કમટેક્ષ ફોર્મ ભરવાની મુદત પણ લંબાવાઈ છે ત્યારે તમામ પેન્શનર્સને વાર્ષિક આવકનું સ્ટેટમેન્ટ મળે તેવા હુકમો જરુરી અને અનિવાર્ય છે તેમ સંસ્થાના અરૂણ બુચ, મયુર વ્યાસ, કશ્યપ મહેતા, નિલેન્દુ વોરા, કિશોર જીકાદરા સહિત સર્વે પેન્શનરોની માંગ છે.

હજુ તો માંડ થોડો થોડો વરસાદ શરૂ થયો છે ત્યાં જ શહેરમાં ઠેર ઠેર ભૂવા પડવાના શરૂ થઈ ચુકયા છે. શહેરના આંતરિક વિસ્તારોમાં થોડાક સમય અગાઉ જ વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાંખવામાં આવી છે. આ પાઈલાઈનનું પુરાણ યોગ્ય રીતે કરવામાં આવ્યું ન હોવાથી ભૂવા પડી રહ્યા છે. સેકટર-૬ સંત રોહિદાસ મંદિર પાસે વિશાળ ભૂવો પડતા તેને જેસીબી દ્વારા પૂરવામાં આવી રહ્યો છે.

ખોરજ પાસે અદાણી શાંતિગ્રામ પાસેથી દારૂ પીધેલા બે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ અદાણી શાંતિગ્રામ પાસેથી દારૂ પીધેલા બે યુવકોને પોલીસે પકડી પાડ્યા છે. અડાલજ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન અદાણી શાંતિગ્રામ નોર્થ પાર્ક પાસેથી શંકાસ્પદ રીતે ફરતા બે યુવકોને ઉભા રાખ્યા હતા. પોલીસે તેમનુ નામ પુછતા તે મયંક સુરેશભાઈ પટેલ (ઉં.૨૭ ભાગવત કોમ્પ્લેક્ષ સોલા) અને ભૌમિલ રાજેશભાઈ પરમાર (ઉં.૨૬ સુરભી ઘાટલોડીયા) હોવાનું જણાવ્યું હતું. બંન્ને યુવકો દારૂ પીધેલી હાલતમાં હોવાથી પોલીસે તેઓ સામે પ્રોહિ. એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે દારૂ પીધેલી હાલતમાં ચાલતા મળી આવેલા યુવકોએ નજીકના કોઈ જગ્યાએ પાર્ટી કરી હોવાનું શંકા પોલીસે વ્યકત કરી છે. તો બીજી તરફ અડાલજ પોલીસે ઉવારસદ ખાતેથી વાવોલ માર્ગ પર આવેલા હોટલ પાસેથી એક યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા તે નવા વાડજનો પ્રતિક ચંદ્રેશભાઈ ત્રિવેદી (ઉં.૨૪ અનસુયા પાર્ક) હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસે તેની સામે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગોકુળપુરામાં મહિલાના મૃત્યુને પગલે પિતાએ નોંધાવી પતિ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર નજીક આવેલા ગોકુળપુરા ખાતે રહેતા મહિલાના મૃત્યુંને પગલે તેના પતિ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. અમદાવાદ ખાતે રહેતા મહિલાના પિતાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ ખાતે રહેતા ઈશ્વરભાઈ હીરાભાઈ પરમારની દિકરી કૈલાસના (ઉં.૨૯) લગ્ન ૧૧ વર્ષ પહેલા સમાજના રીતરીવાજ મુજબ ગોકુળપુરા ખાતે રહેતા અનિલભાઈ રમેશભાઈ પરમાર સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન તેઓને ૫ વર્ષનો દિકરો અને દોઢ વર્ષની દિકરી છે. ફરીયાદમાં થયેલા આક્ષેપ મુજબ પતિ દારૂ પીવાની અને જુગાર રમવાની ટેવ ધરાવતો હતો. જેથી કૈલાસ બેનને શારીરીક અને માનસીક ત્રાસ આપતો હતો. કંટાળીને પિયર આવી જતા કૈલાસ બેનને પરિવારજનો સમજાવીને પરત મોકલી દેતા હતા.૧૧ જુનના રોજ સવારે આઠ વાગે અનિલે સાસરીમાં ફોન કરીને જાણ કરી હતી કે પત્ની કૈલાસબેને ઉંઘઈ મારવાની દવા પી લીધી છે. જેથી ફરીયાદી તાત્કાલીક ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. જયારે સાંજના સાડા છ વાગે સુમારે ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા.બંન્ને પરિવાર દ્વારા સમાધાનની વાતો વચ્ચે અચાનક મૃતક મહિલાના પિતાએ આ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચિરવિદાય

- સ્વ. દુર્વા દિલીપકુમાર વૈષ્ણવ, મુ. વાવોલ
- સ્વ. જીતા વિનોદચંદ્ર સોની, ઉ.વ. ૪૬, સેકટર-૨૨
- સ્વ. પટેલ ચંપાબેન કાંતિલાલ, ઉ.વ. ૭૨, મુ. પેથાપુર
- સ્વ. સોનીપાલ સુનીલપાલ, ઉ.વ. ૩૩, છત્રાલ

બીએસએફના ડીજી એસ.એસ. દેશવાલે કચ્છ બોર્ડરની મુલાકાત લીધી

સીમા સુરક્ષા દળના ડાયરેકટર જનરલ એસ.એસ.દેશવાલ ગુજરાતના કચ્છની આંતરરાષ્ટ્રીય સીમાની બે દિવસની મુલાકાતે પધાર્યા હતા. તેમનું સ્વાગત બીએસએફના ગુજરાત ફ્રંટિયરના આઈજી જી.એસ.મલિક અને બીએસએફના બોર્ડર રેન્જના આઈજી સુભાષ તિવારીએ ભુજ ખાતે કર્યું હતું. આ પ્રસંગે કચ્છના પશ્ચિમના કલેક્ટર પ્રવિણા ડી.કે. તથા ભુજ આર્મી સ્ટેશનના કમાન્ડર, ભુજ બીએસએફના ડીઆઈજી સહિત કચ્છના જિલ્લા પોલીસ અધિક્ષક સૌરભ તોલુંબિયા ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમ્યાન ડીજી દેશવાલે આંતર રાષ્ટ્રીય સરહદે સુરક્ષાના બંદોબસ્તની સમીક્ષા કરી હતી.

અનુસૂચિત વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોનના હપ્તામાંથી મુકિત મળે તે માટે મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૧૩

સમગ્ર વિશ્વમાં કોરોના એ કોહરામ મચાવ્યો છે. ત્યારે છેલ્લા ત્રણ માસથી વેપાર-ધંધા, ઉદ્યોગો ઠપ થઈ ગયા છે, શાળા-કોલેજો પણ બંધ હાલતમાં છે. જેથી આર્થિક સંકળામણ ઉભી થવા પામી છે. ત્યારે વૈશ્વિક મહામારી અને હજુ કોરોના ક્યારે કાબુમાં આવશે તે નક્કી નથી. ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં અનુસૂચિત જાતિના તમામ વિદ્યાર્થીઓને મંજુર કરવામાં આવેલ લોનના હપ્તા તેઓ ભરી શકે તેવી સ્થિતિમાં નથી, તો બીજીતરફ લોન ઉપરના વ્યાજનો પણ ભાર વધતો જાય છે. ત્યારે આ સ્થિતિમાં અનુસુચિત જાતિના ડો.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો લાભ લઈને અભ્યાસ કરી રહ્યા છે તેવા તમામ લાભાર્થીને માર્ચ-૨૦ થી તેઓના અભ્યાસ પુનઃ શરુ ન થાય ત્યાં સુધી લોનના માસિક હપ્તા ભરવામાંથી મુક્તિ આપવામાં આવે, તેમજ આ સમય દરમિયાન તમામ લાભાર્થીઓને ચુકવવાના થતા વ્યાજ ભરવામાંથી તમામને મુકિત આપવામાં આવે તેવી રજુઆત રાજયના મુખ્યમંત્રીને દલિત અધિકાર સંઘ ગુજરાત દ્વારા કરવામાં આવી છે.

રાજયમાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન પેટે હાલમાં પ્રત્યેક લાભાર્થીને રૂ.૧૫ લાખની લોન મંજુર કરવામાં આવે છે. આ વૈશ્વિક મહામારીના કારણે અમેરીકા, કેનેડા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, ચીન સહિત દેશોમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા અનુસૂચિત જાતિના અત્યાર સુધીના અંદાજીત ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના હાલ અભ્યાસ બંધ થવાથી અનેક વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ છોડીને ગુજરાત પરત ફર્યા છે.

ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો લાભ લઈને જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તે તમામ વિદ્યાર્થીઓને માર્ચ-૨૦૨૦ થી વિદ્યાર્થીઓનો અભ્યાસ ફરીવાર શરુ ન થાય ત્યાં સુધી લોનના માસિક હપ્તા ભરવામાંથી મુક્તિ આપવામાં આવે, તેમજ લાભાર્થીઓને ચુકવવાના થતા વ્યાજના રૂપીયા ભરવામાંથી પણ મુકિત મળે તેવી રજુઆત મુખ્યમંત્રીને દલિત અધિકાર સંઘ ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે.